सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ : | **05** | **05** | **2025** |
| દાખલ તારીખ: | **05** | **05** | **2025** |
| ફેસલ તારીખ : | **27** | **07** | **2026** |
| સમયગાળો : | દિવસ | માસ | વર્ષ |
| | **22** | **02** | **01** |

–::––::––::––::––::––::––::––::––::––::––::––::––::––::––::–

**મહેરબાન સાંતલપુરના પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબની કોર્ટમાં, મુ.વારાહી, તા.સાંતલપુર,જી.પાટણ.**

–::––::––::––::––::––::––::––::––::––::––::––::––::––::––::–

**રેગ્યુલર દીવાની કેસ નંબર :–૫૪/૨૦૨૫.**
**આંક :– ૩૦ .**

**વાદી :–** **નાયબ ઈજનેર શ્રી,**
ઉત્તર ગુજરાત વિજ કંપની લી.,
સબ ડીવીઝન,વારાહી, તા. સાંતલપુર,જી.પાટણ.

–:: વિરૂધ્ધ ::–

**પ્રતિવાદી :–** **આચર ડાયાભાઈ ખોડાભાઈ,**
ઉ.વ.પુખ્ત,રહે.ડાલડી,
તા.સાંતલપુર,જી.પાટણ.

–::––::––::––::––::––::––::––::––::––::––::––::––::––::––::–

બાબત– રૂા. ૫૪,૦૧૮.૩૦ પૈસા વસુલ મળવા.

–::––::––::––::––::––::––::––::––::––::––::––::––::––::––::–

વાદી તરફે વિ.વ.શ્રી એમ.એચ.મુલાણી
પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી કોઈ નહી

–::––::––::––::––::––::––::––::––::––::––::––::––::––::––::–

**ઠ રા વ**

(૧) વાદી વિજ કંપનીએ હાથ પરનો દાવો પ્રતિવાદી પાસેથી પાવરચોરી બીલની લેણી રકમ વસુલ મેળવવા અંગેનો દાખલ કરેલો છે.

(૨) વાદીના દાવાની હકિકત ટુંકમા એવી છે કે, ઉતર ગુજરાત વીજ કંપની લી. ની એક સબ ડીબીઝન ઓફીસ વારાહી મુકામે આવેલી છે જે કચેરી વાદીને હસ્તક છે. ઉતર ગુજરાત વીજ કંપની લી. ની સર્કલ ઓફીસ પાલનપુર મુકામે આવેલ છે.એ ગુજરાત સરકારનું સાહસ છે જેની ઝોન વિવિધ વીજ કંપનીઓ સ્થાપિત કરેલ છે.ઉતર ગુજરાત વીજ કંપની લી.નું સંચાલન ઉર્જા વિકાસ નિગમ હેઠળ કરવામા આવે છે. જે મુખ્યત્વે ગુજરાત રાજયના ઉત્તર વિભાગમાં વિજપુરવઠો પુરો પાડવાની કામગીરી કરે છે અને તેનુ કાર્યક્ષેત્ર પાટણ જીલ્લો પણ આવે છે.

આ કામના પ્રતિવાદી પાટણ જીલ્લાના સાંતલપુર તાલુકાના ડાલડી ગામમાં રહે છે. તેઓ કંપનીના ગ્રાહક નથી. તેમનો નોન ગ્રાહક નં. ૭૩૧૦૦૮૩૩ છે. પ્રતિવાદીના કબજાની દુકાનમાં અંડરગ્રાઉન્ડ કરીને આંકડી મારીને ઘરમાંથી ગેરકાયદેસર વિજ જોડાણ કરેલ હતુ અને વાદી કંપની દવારા તા. ૧૦/૦૫/૨૦૨૨ના રોજ વિજ ચેકીંગ કરવામાં આવેલું ત્યારે પ્રતિવાદી ખુદ હાજર હતા. સદર સ્થળ પર તપાસ કરતા યુ.જી.વી.સી.એલ. અધિકૃત કોઈપણ પ્રકારનું વિજ મીટર કે વીજ કનેકશન હયાત ન હતું. રોજકામમા જણાવ્યા મુજબની ચર્તુદિશાવાળા પ્રતિવાદીની દુકાનથી ઘર સુધી અંડરગ્રાઉન્ડ કરીને પસાર થતી હળવા દબાણની એલ.ટી લાઈન પરથી આંકડી વાયર વડે પોતાની ઘરમાંથી દુકાનમાં વીજ વપરાશ કરતા પકડાયેલ જે વાયર વડે પ્રાઈવેટ સર્વિસનું ડાયરેકટ જોડાણ કરી તેમના દુકાન સુધી લંબાવી ફ્યુજ કટ આઉટમાં આપી દુકાનમાં રહેલ વીજ ઉપકરણો, જેમાં એલ.ઈ.ડી. ફોકસ નંગ –૧× ૨૫૦ વોટ = ૨૫૦ વોલ્ટ, ફ્રીજ નંગ–૧ ×૧૮૦ = ૧૮૦ વોટ,એમ કુલ ૪૩૦ વોટ નો ગેરકાયદેસર વીજ વપરાશ કરી રંગે હાથ ઝડપાયેલ. આ બાબતનું વિગતવાર રોજકામ કરવામા આવેલ તથા તપાસણી અહેવાલ પણ ભરવામાં આવેલ. આમ, કુલ ૪૩૦ વોટનો

વીજવપરાશ ચાલુ હતો. સદર પ્રતિવાદીએ વિજ ચોરી કરેલ છે તેવુ કબુલ રાખેલ અને સ્થળ પર હાજર પ્રતિવાદીએ અધિકારીઓની હાજરીમાં ચેકીંગશીટમા સહી કરવાની ના પાડેલી.

(૩) ઉપરોકત વિગતે આ કામના પ્રતિવાદી વાદી કંપનીની હળવા દબાણની વિજ લાઇન માથી પાવરચોરી કરતા પકડાઈ જવાના કારણે વાદી કંપની તરફથી પ્રતિવાદી ને પાવર ચોરીનુ રૂ.૩૪,૦૪૦.૬૯/– નું બીલ આપવામા આવેલ હતું. વાદી કંપનીને પ્રતિવાદી પાસેથી આ બીલની રકમ વિલંબીત ચાર્જ તેમજ વ્યાજ સાથે વસુલ કરવા હકક અધિકાર છે. પ્રતિવાદીએ તેની પાવરચોરી બીલની રકમ ભરપાઈ ન કરતા વાદી કંપની મારફતે પ્રતિવાદીને લીગલ નોટીસ મોકલાવેલી હતી. તેમ છતા પ્રતિવાદીએ વાદી કંપનીને આજદીન સુધી પાવરચોરીની બીલની રકમ ભરપાઈ કરવામા નિષ્ફળ ગયેલા. જેથી પ્રતિવાદી પાસેથી નીચે મુજબની લેણી રકમ વાદીએ ૯% ના દરે વસુલ કરવા માટે હાલનો દાવો દાખલ કરી દાદ માંગેલ છે.

રૂા.૩૪,૦૪૦.૬૯ /– મુળ પાવરચોરી બીલની રકમ

રૂા.૧૯,૯૭૭.૬૧/– ડી.પી.સી. ચાર્જની રકમ

––––––––––

રૂા.૫૪,૦૧૮.૩૦ /– કુલ બાકી રકમ

(૪) સદર દાવો દાખલ થતા પ્રતિવાદીને ધારાસર સમંસ કાઢવામા આવેલ જે સમંસ પ્રતિવાદીને યોગ્ય રીતે બજી ગયેલ હોવા છતા પ્રતિવાદી જાતે કે તેઓનાં કોઈ પ્રતિનિધી અદાલત સમક્ષ હાજર રહેલ ન હોય જેથી આંક–૧ લગત હુકમ કરી પ્રતિવાદી સામે કામ એકતરફી ચાલવવામા આવેલ છે.

(૫) વાદી વિજ કંપની તરફે દાવાના કામે નીચે મુજબનો મોખીક અને દસ્તાવેજી પુરાવો રજુ કરેલો છે :

| **અનુ.નં.** | **મૌખિક અને દસ્તાવેજી પુરાવાની વિગત** | **આંક** |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧. | વાદી કંપનીના અધિકારીશ્રી ગાંધી કૃણાલ દીલીપકુમારનુ સરતપાસના પુરાવાનુ સોગંદનામું | ૧૭. |
| ૨. | તપાસણી અહેવાલ. | ૧૯ |
| ૩. | ખાતાકીય રોજકામ | ૨૦. |
| ૪. | એનેક્ષર–C | ૨૧. |
| ૫. | કલમ –૧૩૫ હેઠળ ગ્રાહક પુરક બીલ. | ૨૨. |
| ૬. | કમ્પાઉન્ડીંગ ચાર્જીસ માટે ગ્રાહક પુરક બીલ. | ૨૩. |
| ૭. | પરિશિષ્ટ –જી પુરવણી બીલ. | ૨૪. |
| ૮. | વિજ વપરાશના બીલના બાકી પડતા નાણાની ભરપાઈની લીગલ નોટીસ. | ૨૫. |
| ૯. | વીજ ચોરીની ફરીયાદ. | ૨૬ |
| ૧૦. | પ્રફોર્મા–૧૨ | ૨૭. |
| ૧૧. | ડી.પી.સી. કેલ્કયુલેશન શીટ. | ૨૮. |

**(૬).** વાદી તરફે ઉપર મુજબ મૌખીક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ થયા બાદ **આંક –૨૯** થી કલોઝીંગ પુર્સીસ આપી વધુ કોઈ મૌખીક કે લેખીત પુરાવો આપવા માંગતા ન હોવાનું જાહેર કરેલ છે.

**(૭)** વાદી તરફે વાદીના વિ.વ.શ્રીની મૌખીક દલીલો સાંભળવામા આવેલ છે.

**(૮)** સદરહુ કામે દાવાના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઘડવામા આવેલા :

(૧) શું વાદી પુરવાર કરે છે કે પ્રતિવાદીએ ગેરકાયદેસર રીતે વિજ વપરાશ કરી વિજ ચોરી કરેલ છે?

(૨) શું વાદી માંગ્યા મુજબની વિજ ચોરીની રકમ વ્યાજ તથા ખર્ચ સહીત મેળવવા હકકદાર છે ? જો હા તો કેટલા ટકાના દરે ?

(૩) શું હુકમ અને હુકમનામું ?

**ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.**

(૧) હકારમા

(૨) અંશત: હકારમા

(૨). આખરી હુકમ મુજબ.

**કા ર ણો**

## (૮). મુદ્દા.નં.૧ અને ૨ :-

**(૯)** ઉપરોકત તમામ મુદાઓની હકિકત પરસ્પર એકબીજા સાથે સંકળાયેલ હોય,ઉપરોકત તમામ મુદાઓના નિર્ણયો માટેના કારણોની ચર્ચાનુ બીન જરૂરી પુનરાવર્તન થાય તે હેતુસર તમામ મુદાઓના નિર્ણયો માટેના કારણોની ચર્ચા સરળતા ખાતર એકીસાથે કરવામા આવે છે.

**(૧૦)** વાદી તરફે વિ.વ.શ્રી એમ.એચ.મુલાણીની દલીલો સાંભળવામા આવી. જયારે પ્રતિવાદી તરફે હાજર રહી કોઈ દલીલ કરવામા આવેલ ન હોય પ્રતિવાદીનો દલીલોનો હકક બંધ કરવામાં આવેલ છે. વાદી તરફે રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી આધારો વંચાણે લેવામા આવેલ. વાદીએ તેમનો દાવો પુરવાર કરવા માટે દસ્તાવેજોના સમર્થનમા આંક-૧૭ થી વાદી કંપનીના નાયબ ઈજનેરશ્રી ગાંધી કૃણાલ દીલીપકુમારનુ સોગંદનામુ રજુ કરેલ છે.તે સોગંદનામામા તેઓ જણાવે છે કે વાદી કંપનીના અધિકૃત અધિકારીઓ તા.૧૦/૫/૨૦૨૨ નારોજ પ્રતિવાદીને ત્યા વિજ ચેકીંગ કરતા પ્રતિવાદી વિજચોરી કરતા માલુમ પડેલ. આથી તે જ સમયે પ્રતિવાદીની હાજરીમા જે તે પરીસ્થીતીમા ચેકીંગશીટમા ઉલ્લેખ કરી પ્રતિવાદીને તે અંગેની સમજણ પાડી એક કોપી તેઓને આપેલી અને ધારાધોરણ મુજબની કાર્યવાહી કરી જરૂરી દસ્તાવેજો તૈયાર કરેલા જે દસ્તાવેજો આ કામે આંકે પાડી દાખલ કરવામા આવેલા છે. વાદી વિજ કંપનીએ પ્રતિવાદીને પાવરચોરીનુ બીલ પણ આપેલું. પ્રતિવાદીએ પાવરચોરી બીલની રકમ ભરપાઈ ન કરતા તેઓને લીગલ નોટીસ આપવામા

આવેલી જે નોટીસ પણ આ કામે આંક –૨૫ થી રજુ રાખવામા આવેલી છે. ટુંકમા વાદી વિજ કંપનીના અધિકારીએ આંક–૧ વાળી દાવા અરજી અને તેની સાથે રજુ થયેલા દસ્તાવેજી પુરાવાને આધીન સુસંગત પુરાવો આપેલો છે.

**(૧૧)** વાદીએ રજુ કરેલો આંક–૧૯ થી ૨૮ સુધીનો દસ્તાવેજી પુરાવો પ્રતિવાદી ધ્વારા પડકારેલો નથી અને વાદીની જુબાનીને પ્રતિવાદી દવારા ઉલટતપાસ કરીને પડકારવામા આવેલ નથી જેથી વાદી દવારા સરતપાસના સોગંદનામામા જે હકીકત જણાવેલ છે તે નિર્વીવાદ બની જાય છે. તે સંજોગોમા વાદીનો ઉપરોકત સોગંદ ઉપરનો પુરાવો ન માનવાને કોઈ કારણ ઉપસ્થિત થતુ નથી.આમ,વાદી કંપની ઉપરોકત મોખીક અને દસ્તાવેજી પુરાવાથી એવુ પુરવાર કરવામા સફળ થાય છે કે આ કામના પ્રતિવાદીએ વાદી વિજ કંપનીની લાઇનમાથી ગેરકાયદેસર રીતે વિજ જોડાણ લઈ, વિજ વપરાશ કરી, વિજ ચોરી કરેલી છે અને તેથી **મુદા નંબર–૧** નો જવાબ હકારમા આપવામા આવે છે.

**(૧૨)** વાદીએ તેના દાવામા પ્રતિવાદી પાસે ૦૯ ટકા લેખે વ્યાજની માંગણી કરેલી છે.આથી દાવા તારીખ થી વસુલ મળતા સુધીના વ્યાજનો હુકમ વાદીની તરફેણમા સદરહું રકમ ઉપર કરવાનો રહેશે. દાવો દાખલ થયાની તારીખ પછી જે વ્યાજ ચુકવવાનું રહે છે તેની જોગવાઈ દીવાની કાર્યરીતી સંહીતા –૧૯૦૮ ની કલમ –૩૪ મા કરવામા આવેલ છે અને વ્યાજનો દર નકકી કરવાની વિવેકાધીન સતા અદાલતને બક્ષવામા આવેલી છે. સદરહું કલમમાં જોગવાઈ કર્યા અનુસાર વ્યાજનો દર છ ટકાથી વધુ આપી શકાય નહી, પરંતુ, સદરહું કલમમાં પરંતુકમાં છ ટકાની ટોચ મર્યાદા પાછી ખેંચી લેવામા આવેલી છે. જો વ્યવહાર ધંધાકીય સંબંધોમાથી ઉદ્દભવેલ હોય અને તે કીસ્સામા ટોચ મર્યાદા પક્ષકારોએ નકકી કરવામા આવેલ વ્યાજના દરને અનુરુપ રહે છે. પરંતુ હાલના કેસમાં વાદી વિજ કંપની અને પ્રતિવાદી વચ્ચે વ્યાજ અંગેનો આવો કોઈ કરાર થયેલ નથી અને વાદીએ આવો કોઈ અન્ય દસ્તાવેજી પુરાવો આ કામમા રજુ કરેલ નથી જેથી એવુ કહી શકાય નહી કે વાદી ૦૯ ટકા વ્યાજ મેળવવા હકદાર છે. વાદીએ જે ૦૯ ટકા વ્યાજ મેળવવા અંગેની દાદ કરેલી છે તે વધારે પડતી જણાઈ આવતી હોય જેથી વાદી કંપનીને તેની માંગણી મુજબનો વ્યાજનો દર નહી પરંતુ વાદીને ૬(છ) ટકાના દરે વ્યાજ આપવુ વ્યાજબી અને ન્યાયી જણાતુ હોય,

વાદી તે મુજબ વ્યાજ મેળવવા હકકદાર હોવાનુ ઠરાવી **મુદા નંબર – ૨** નો જવાબ અંશત: હકારમા આપી, **મુદા નંબર – ૩** પરત્વેનો નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

## હુ ક મ

(૧) આ કામના વાદી વિજ કંપનીનો દાવો **અંશત: મંજુર** કરવામા આવે છે.

(૨) આ કામના પ્રતિવાદીએ વાદી વિજ કંપનીને વિજચોરીની લેણી રકમરૂા.૫૪,૦૧૮.૩૦ /– પૈસા (અંકે રૂપિયા ચોપ્પન હજાર અઠાર તથા ત્રીસ પૈસા) દાવા તારીખથી વસુલ થતા સુધી વાર્ષિક ૬ (છ) ટકાના દરે સાદા વ્યાજ સાથે ચડયે ચડયા ચુકવી આપવાનો હુકમ કરવામા આવે છે.

(૩) આ દાવાનો પ્રતિવાદીએ પોતાનો ખર્ચ પોતે ભોગવવો અને વાદીનો ખર્ચ પ્રતિવાદીએ ચુકવી આપવો.

(૪) હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજરોજ તા. **૨૭મી,** માહે **જુલાઈ,** સને **૨૦૨૬** ના રોજ મારી સહી કરી ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૭/૦૭/૨૦૨૬.
મુ.વારાહી.

(એચ.જે.ગઢવી)
કોડ નંબર–જી.જે.૦૧૫૧૯
પ્રિન્સીપાલ સીવીલ જજ,
સાંતલપુર, મુ.વારાહી.